## ઃ પ્રેસ નોટ ઃ

## “સેકટર.૨ સ્કોર્ડે વટવા વિસ્તારમાંથી એક અમેરીકન બનાવટની રીવોલ્વર તથા ૮ જીવતા કારતુસ સાથે બે વ્યકિતની ધરપકડ કરી”

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨ અ'વાદ શહેર નાઓએ સેકટર.૨ સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા માણસોને સુચના આપેલ કે, “આગામી રથયાત્રા અનુસંધાને સેકટર.૨ વિસ્તારમાં વાહનમાં પેટ્રોલીંગમાં રહી હથીયાર સબંધી ગુનાઓ સબબ બાતમી હકિકત મેળવી કાયદેસર કાર્યવાહી કરવી” જે અનુસંધાને સેકટર.૨ સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા સ્કોર્ડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન સ્કોર્ડને મળેલ ખાનગી અને ચોકકસ આધારભુત બાતમી હકિક્ત આધારે વટવા ॐ શાંતી બંગ્લોઝ પાસે આવેલ સિધ્ધાર્થ રો-હાઉસ પાછળ ખુલ્લા મેદાનમાંથી (૧) અબ્દુલકાદર સ/ઓ મજીદભાઇ ખોખર ઉવ.૨૯ રહે.મિલ્લતનગર શેખુભાઇની ચાલી, ઇસનપુર, અમદાવાદ (૨) વસીમ ઉર્ફે ગાંડો સ/ઓ ફરીદખાન પઠાણ ઉવ.૨૬ રહે.સોનીનુ ખેતર, લતીફભાઇની કીટલીની બાજુમાં, ગેટ નં.૨, મિલ્લતનગર, ઇસનપુર, અમદાવાદ નાઓ પાસેથી એક યુએસએ બનાવટની રીવોલ્વર તથા કારતુસ નંગ.૮ સાથે મળી આવી પકડાઇ ગયેલ હોય કુલ્લે કિ.રુ.૨,૦૪,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી (૧) અબ્દુલકાદર સ/ઓ મજીદભાઇ ખોખર અગાઉ મારામારીના ગુનામાં પકડાયેલ છે તેમજ ઘરફોડ ચોરીમાં પણ પકડાયેલ છે આમ સદરી શરીર સબંધી તેમજ મિલકત સબંધી મળી પાંચેક ગુનામાં પકડાયેલ છે તથા (૨) વસીમ ઉર્ફે ગાંડો સ/ઓ ફરીદખાન પઠાણ અગાઉ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં પકડાયેલ છે તથા ઇપીકો કલમ ૩૦૭ જેવા ગંભીર ગુનામાં ત્રણ વર્ષ સુધી સજા કાપીને આવેલ છે.

પકડાયેલ ઇસમોને રીવોલ્વર અને કારતુસ કયાંથી અને કોની પાસેથી લાવેલ છે તે દિશામાં પુછપરછ કરી તપાસ કરતાં કબ્જે કરેલ રીવોલ્વર તથા કારતુસ આરોપી નં.૨ ના ભાઇ આશીફ ઉર્ફે ગાંડો ફરીદખાન પઠાણ નાઓ પાસેથી મેળવેલ હોવાનુ પ્રાથમીક પુછપરછમાં જણાવેલ બાદ આરોપી નં.૨ ની આ બાબતે વધુ સઘન પુછપરછ કરતાં જણાવેલ કે, આ રીવોલ્વર તથા કારતુસ મારા નાના ભાઇ આશીફ ઉર્ફે ગાંડો નાએ તેના સાગરીતો ઇબ્રાહીમ ઉર્ફે કાળીયો તથા ઇરફાન ઉર્ફે બગલો સાથે આશરે બે માસ અગાઉ એલીસબ્રિજ વિસ્તારમાં ઘરફોડ ચોરી કરેલ તેમાં અન્ય સોના ચાંદીના દાગીના, રોકડ તથા દસ્તાવેજો સાથે આ રીવોલ્વર તેમજ કારતુસની ચોરી કરેલ જેમાં મારા ભાઇ આશીફ ઉર્ફે ગાંડો ના ભાગમાં આ રીવોલ્વર અને કારતુસ આવેલ જે રીવોલ્વર અને કારતુસ આશરે દોઢેક માસ અગાઉ જયારે હું ઇસનપુરના ઇપીકો કલમ ૩૦૭ મારામારી ના ગુનામાં પેરોલ ઉપર ઘરે આવેલ ત્યારે મને આપેલ હતી.

આમ સેકટર.૨ સ્કોર્ડે વટવા વિસ્તારમાંથી એક રીવોલ્વર તથા ૮ જીવતા કારતુસ સાથે બે ઇસમોની ધરપકડ કરી એક ઇસમને વોન્ટેડ જાહેર કરી વટવા પોલીસ સ્ટેશન આર્મ્સ એકટનો ગુનો રજીસ્ટર કરાવી કાયદેસર કાર્યવાહી કરી વટવા પોલીસ સ્ટેશન સોંપલ છે આ કામમાં પકડાયેલ બન્ને આરોપીઓ આ રીવોલ્વર તથા કારતુસ સાથે કોઇ લુંટ કે અન્ય શરીર સબંધી ગુનાઓ આચરેલ છે કે કેમ તથા કોઇ મોટો ગંભીર પ્રકારનો ગુનો કરનાર હતાં કે કેમ તે દિશામાં તપાસ ચાલુ છે.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)